For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર : હેમંત ડેર)

**સુરત માટે સુપર સન-ડે: દિવાળીની જેમ ફટાકડા ફૂટતા રહ્યાં, કેટલાક યુવાનો તો કપની રેપ્લિકા સાથે દેખાયા**

# માત્ર ભાગળ નહીં સમગ્ર સુરતમાં વિજયોત્સવ

**"ભારત** માતા કી જય" અને "વંદે માતરમ"ના નારા લાગ્યા

**અડાજણમાં** પ્રાઇમ આર્કેડ પર જીતનો જશ્ન, તો પાર્લે પોંઇન્ટથી વીઆર મોલ સુધી લોકોએ ફટાકડા ફોડ્યા

**ગવિયર** પાસે ઉજવણી કરી રહેલા યુવાનોએ સુરત-ડુમસરોડ બંધ કરી દીધો

સુરતઃ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયેલી ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ટી-20 વર્લ્ડકપ 2026ની ફાઈનલ મેચમાં ભારતીય ટીમના વિજય સાથે જ સુરતમાં જાણે દિવાળીની ઉજવણી જેવો માહોલ જામ્યો હતો. સુરતની શેરી, મહોલ્લા ફટાકડાની રમઝટ સાથે ગૂંજી ઊઠ્યા હતા. શહેરનું આકાશ રંગબેરંગી આતશબાજી, ફૂલઝડીઓથી ઝગમગી ઊઠ્યું હતું. 25,000 લોકોની મેદનીમાં અબીલ ગુલાલ ઊડ્યો, ફટાકડા ફૂટ્યા, મ્યુઝિકલ સિસ્ટમ સાથે લોકો નાચી ઝૂમી ઊઠ્યા હતા. ન્યૂઝીલેન્ડનો પરાજય થતાં જ રવિવારે હજારો ક્રિકેટપ્રેમીઓ નગારાં, ઢોલ ત્રાંસા, મ્યુઝિક સિસ્ટમના તાલે ઝૂમ્યા હતા. રાજમાર્ગની બધી જ ગલીઓમાંથી તિરંગા લઈ ભાગળ પહોંચ્યા હતા. સુરતની હોટેલો, રેસ્ટોરન્ટ, નજીકની રિસોર્ટ, થિયેટર્સ, સુરતની સોસાયટીઓ, શેરી-મહોલ્લાઓમાં મ્યુઝિક સિસ્ટમના તાલે ભવ્ય ઉજવણી થઈ હતી. ક્લબો અને સોસાયટીઓમાં રાત્રિ ભોજન યોજાયાં હતાં. ભારતની જીતની જાહેરાત થતાં જ યુવાનો રસ્તા પર આવી ગયા

...અનુસંધાન પાના 9 પર

### લગ્નના મંડપમાં પણ મેચ જોવા બિગ સ્ક્રીન મુકાયાં



ટી 20 વર્લ્ડ કપની ભારત ન્યુઝીલેન્ડ વચ્ચેની ફાઈનલ મેચ જોવા સુરતીઓમાં જબરો ક્રેઝ જોવા મળ્યો હતો. આજે શહેરમાં અનેક લગ્ન સમારોહ યોજાયા હતા. અહીં લોકો મેચને લીધે હાજરી ન આપે એવા ભયે લગ્નનું આમંત્રણ આપનારાઓએ

...અનુસંધાન પાના 9 પર

# 4 કામદારોનાં મોતમાં પારસ મિલના માલિકોને બચાવવાનો કારસો??

**કોન્ટ્રાક્ટર** સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધ્યો પણ માલિકો સામે શા માટે કશું નહીં??

**મોતને** ભેટેલા કામદારોનાં પરિવારજનોને યોગ્ય વળતર પણ મળ્યું નથી

સુરતઃ પારસ ડાઈંગ મિલમાં બનેલી ગોઝારી દુર્ઘટનામાં ચાર શ્રમિકોનાં મોત થયા હોવા છતાં સમગ્ર પ્રકરણમાં કાર્યવાહી અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. પોલીસ દ્વારા માત્ર કોન્ટ્રાક્ટર સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધાતાં ઉદ્યોગ વર્તુળો અને સ્થાનિકોમાં એવી ચર્ચા તેજ બની છે કે આખા બનાવમાં નાના માણસને સજા અને મોટા લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જેથી લાગી રહ્યું છે કે નાના માણસો પર કાર્યવાહી કરતી જીપીસીબી અને ફેક્ટલ ઈન્સ્પેક્ટર મોટા માથાને બચાવી લેવાના મૂડમાં છે.

પાંડેસરા જીઆઈડીસીમાં આવેલી પારસ ડાઈંગ મિલમાં કેમિકલવાળી ભૂગર્ભ ટાંકી સાફ કરતી વેળા સર્જાયેલી દુર્ઘટનામાં ચાર શ્રમિકોનાં મોત થયાં હતાં. ટાંકીમાં ઝેરી ગેસના પ્રભાવથી કામદારો ગૂંગળાઈ જતા આ દુર્ઘટના બની હોવાનું સામે આવ્યું છે. બનાવ બાદ સમગ્ર ઉદ્યોગ વિસ્તારમાં સલામતી વ્યવસ્થા અને જવાબદારી અંગે ચર્ચા શરૂ થઈ છે.

આટલી ગંભીર ઘટના છતાં પાંડેસરા પોલીસે પ્રાથમિક તબક્કે માત્ર કોન્ટ્રાક્ટર સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધ્યો છે. સામાન્ય રીતે આવા બનાવોમાં ઉદ્યોગ સંચાલકોની જવાબદારી નક્કી થતી હોય છે, કારણ કે જોખમી કેમિકલવાળી ટાંકી અથવા ગટર સાફ કરાવવાની કામગીરી દરમિયાન સલામતી નિયમોનું પાલન કરાવવાની મુખ્ય જવાબદારી સંચાલકોની ગણાય છે. ઉદ્યોગ વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે કે ચાર લોકોના જીવ જતા જેટલી મોટી દુર્ઘટના બની છે, તેવા બનાવમાં માત્ર કોન્ટ્રાક્ટરને જ જવાબદાર

...અનુસંધાન પાના 9 પર

# સુરતના વિદ્યાર્થીની સામે જ દુબઈમાં ડ્રોનનો સળગતો કાટમાળ પડ્યો

**મિડલઇસ્ટના** યુદ્ધ વચ્ચે યાતના સાથેનું એક અઠવાડિયું વિતાવ્યા બાદ વેસુનો વિદ્યાર્થી ઘરે પરત ફર્યો

**જિહાન** તારમાસ્તર દુબઇમાં અમેરિકન યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે અને ત્યાંની હોસ્ટેલમાં રહે છે



સુરતઃ અમેરિકા અને ઈઝરાયેલ સાથે ઈરાનના યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે સુરતના યુવકે યાતના સાથે એક અઠવાડિયું પસાર કર્યું હતું. જો કે, રવિવારે સાંજે તે હેમખેમ સુરત પરત આવી ગયો હતો. સુરતના વેસુ વિસ્તારમાં રહેતો જિહાન તારમાસ્તર દુબઈની અમેરિકન યુનિવર્સિટીમાં ફાઈનાન્સના સેકન્ડ સેમેસ્ટરમાં ભણે છે. 27- 28 ફેબ્રુઆરીથી ઈઝરાયેલ

...અનુસંધાન પાના 9 પર

**ઇન્ટરમિડિયેટ AIRમાં સુરતના 3 અને ફાઉન્ડેશનમાં 1 વિદ્યાર્થી**

# ટી-20માં વિશ્વમાં ભારત અને CA પરિણામમાં ભારતમાં સુરત છવાયું

**ફાઉન્ડેશનમાં** સુરતનો રાઘવ ગુપ્તાનો દેશભરમાં ત્રીજો ક્રમ

સુરતઃ એક તરફ ટીટ્વેન્ટી વિશ્વકપમાં ભારતની ટીમ વિજેતા બની હતી તો સીએના જુદા જુદા પરિણામમાં સમગ્ર ભારતમાં સુરત છવાઈ ગયું હતું. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા લેવાયેલી સીએ ફાઉન્ડેશન અને ઈન્ટરમીડિયેટ પરીક્ષાના પરિણામોમાં સુરતના વિદ્યાર્થીઓએ ફરી એકવાર ઉત્તમ પ્રદર્શન કર્યું છે. ખાસ કરીને મૂળ રાજસ્થાનના પ્રવાસી વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા મેળવી શહેરનું ગૌરવ વધાર્યું છે. ઈન્ટરમીડિયેટમાં ત્રણ અને ફાઉન્ડેશનમાં એક વિદ્યાર્થીએ ઓલ ઈન્ડિયા રેન્ક યાદીમાં સ્થાન મેળવી સુરતને રાષ્ટ્રીય ઓળખ અપાવી છે. ICAI દ્વારા જાન્યુઆરીમાં લેવાયેલી

...અનુસંધાન પાના 9 પર



### સીએ ઇન્ટરમીડિયેટમાં સુરતના ટોપર્સ

**વિદ્યાર્થીનું નામ**
પ્રક્ષલ જૈન (એઆઈઆર-૪)
પંથ રાદડિયા (એઆઈઆર-૧૪)
વિવેક જૈન (એઆઈઆર-૨૫)

### સીએ ફાઉન્ડેશનમાં સુરતના ટોપર્સ

વિદ્યાર્થીનું નામ
રાઘવ ગુપ્તા (એઆઈઆર-૩)
ખાન મો.કૈફ મુશાહિદખાન
યથા જૈન



### 1. ટેસ્ટથી મળ્યો આત્મવિશ્વાસ

સતત ટેસ્ટ આપતા રહેતાં તૈયારીનું સ્તર સમજાતું રહ્યું. જ્યાં ખામી જણાઈ ત્યાં તરત સુધારો કર્યો. શિક્ષકોની સલાહ માની અને દરેક વિષયને સમાન સમય આપ્યો, જેના કારણે સારા ગુણ અને રેન્ક પ્રાપ્ત થઈ.

**- રાઘવ ગુપ્તા, એઆઈઆર 3, ફાઉન્ડેશન**



### 2. રિવિઝન બન્યું સફળતાનું મંત્ર

દરેક વિષયનું વારંવાર રિવિઝન કર્યું અને નાની-નાની નોટ્સ તૈયાર કર્યા. જેના કારણે પરીક્ષા સમયે અભ્યાસ સરળ બની ગયો. શિક્ષકોના માર્ગદર્શનથી યોગ્ય દિશા મળી અને પરિણામ ઉત્તમ રહ્યું.

**- પ્રક્ષાલ જૈન, એઆઈઆર 4, ઇન્ટરમિડિયેટ**



### 3. તમામ વિષયોને સમાન મહત્વ

કોઈ એક વિષય પર વધારે અને બીજા પર ઓછું ધ્યાન ન આપ્યું. નિયમિત અભ્યાસ, ટેસ્ટ અને શિક્ષકોની સલાહ સાથે સંતુલિત તૈયારી કરી, જેના કારણે સારા ગુણ પ્રાપ્ત થયા.

**- પંથ રડડિયા, એઆઈઆર 14, ઇન્ટરમિડિયેટ**



### 4. માર્ગદર્શનથી મળી રેન્ક

દૈનિક અભ્યાસ માટે નક્કી સમયપત્રક બનાવ્યું અને તે મુજબ તૈયારી કરી. શિક્ષકોની દરેક સલાહને અપનાવી. સતત રિવિઝન અને ટેસ્ટને કારણે આત્મવિશ્વાસ વધ્યો અને ઉત્તમ પરિણામ પ્રાપ્ત થયું.

**- વિવેક જૈન, એઆઈઆર 25, ઇન્ટરમિડિયેટ.**


**દુ:ખદ અવસાન/બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની **યસુમતીબેન અરવિંદલાલ કાપડીયા (દેવકાકાવાળા)** નું અવસાન તા.૦૮/૩/૨૦૨૬ ના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૦૯/૦૩/૨૦૨૬ ના સોમવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન સીંગાપુરીવાડી ધમણવાલા એ.સી. હોલ રૂસ્તમપુરા ખાતે રાખવામાં આવેલ છે.

લિ. શોકાતુર
અરવિંદલાલ કાપડીયા (પતિ) રીન્કુ પટેલ (પુત્રી)
વિમી મિલન કર્ણિક (પુત્રી) પિન્ટુ પટેલ (જમાઈ)
મિલન કર્ણિક (જમાઈ) પ્રેયાન્શ પટેલ (પૌત્ર)
આયુષી કર્ણિક (પૌત્રી) સુહાની પટેલ (પૌત્રી)

સ્વ. યસુમતીબેન
અરવિંદલાલ કાપડીયા
સ્વ.તા.૦૮/૦૩/૨૦૨૬
મો.૯૯૯૮૦ ૨૭૦૦૬, ૯૮૨૫૩ ૫૮૬૨૮, ૯૮૨૫૬ ૬૬૫૩૦

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**દ્વિતીય પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. પ્રેયસ પ્રકાશભાઈ ગજ્જર**
જન્મ તા. ૧૪/૧૧/૧૯૯૮ • સ્વ. તા. ૦૯-૦૩-૨૦૨૪

રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તારી,
નાની ઉંમરે તારી અણધારી વિદાય અમો સર્વેના કાળજા કંપાવી ગઈ,
મન હજુ માનતું જ નથી કે તું અમારી વચ્ચે નથી.
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.
ગૌ. નિ. સ્વ.હરિવદનભાઈ છગનલાલ ગજ્જર
ગંગા સ્વરુપ જશુમતિબેન હરિવદનભાઈ ગજ્જર
પ્રકાશભાઈ હરિવદનભાઈ ગજ્જર - ગીતાબેન પ્રકાશભાઈ ગજ્જર
હેમાંશુભાઈ હરિવદનભાઈ ગજ્જર - નીતિશાબેન હેમાંશુભાઈ ગજ્જર
હસમુખકુમાર બાલુભાઇ ગજ્જર - ફાલ્ગુની હસમુખકુમાર ગજ્જર
નિખિલકુમાર ડાહ્યાભાઈ ગજ્જર - અમીષા નિખિલકુમાર ગજ્જર
તપન, હેમાની, દૃષ્ટિ, તૃષા, આકાશકુમાર, પુષ્ટિ, રિદ્ધિ, વૃંદા

**છ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. ડાહીબેન મોહનભાઈ પટેલ**
(સ્વ.તા.09.09.2025)

સુખ મળે, વૈભવ મળે, મળે દુનિયાના બધા સુખ,
પણ જનારા સ્વજન પાછા ન મળે, એજ અમારા
સૌનું દુઃખ તમે આત્મા સ્વરૂપે જ્યાં હો ત્યાં
પ્રભુ તમને સુખ શાંતિ આપે એજ
અમારા સૌની પ્રભુને પ્રાર્થના....

લિ
મોહનભાઈ બાલુભાઈ પટેલ ભાવેશ ઠાકોરભાઈ પટેલ
ઠાકોરભાઈ બાલુભાઈ પટેલ આકાશ જ્યંતિભાઈ પટેલ
જ્યંતિભાઈ બાલુભાઈ પટેલ નિતિન ઠાકોરભાઈ પટેલ
અમૃતભાઈ મોહનભાઈ પટેલ આયુષ અમૃતભાઈ પટેલ
ધ્રુવન, દર્શવી, શિવાય, પ્રનિષ્કા
તથા સમસ્ત પટેલ પરિવાર

**પ્રાર્થના સભા**



**સ્વ. સવિતાબેન પન્નાલાલ છોગમલજી શાહ (માલવાડા વાળા)**
**સ્વ. તા. ૦૭-૦૩-૨૦૨૬**

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતુશ્રી સવિતાબેન પન્નાલાલ છોગમલજી શાહ (માલવાડા વાળા) તા. ૦૭/૦૩/૨૦૨૬, શનિવાર ના રોજ અરિહંત શરણ થયા છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

સદ્ગતની પ્રાર્થના સભા તા. ૦૯/૦૩/૨૦૨૬, સોમવાર ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન ''મહાવિદેહ ધામ'' (6th Floor), સવિતાબા-કમળાબા આરાધના સંકુલ, મહારાણા પ્રતાપ રોડ, વેસુ, સુરત ખાતે રાખેલ છે.

લિ.
પ્રવીણભાઈ પન્નાલાલ શાહ (માલવાડા)
પ્રવીણાબેન પ્રવીણભાઈ શાહ
ધ્વનીલ પ્રવીણભાઈ શાહ
પ્રીયાંશ પ્રવીણભાઈ શાહ
(અંકિત જેમ્સ)

નિવાસસ્થાન : સાવત્થી બંગલો, એમ્પાયર રીજન્સી બિલ્ડીંગ સામે, વીઆઈપી રોડ, સુરત. (મો.) 98251 86001.